# આમ આદમી પાર્ટીમાં તિરાડ વધુ વધી

નવીદિલ્હી,તા. ૨૫


આમ આદમી પાર્ટીમાં આંતરિક વિખવાદનો દોર યથાવતરીતે જારી રહ્યો છે. બળવાખોરો જુદી રીતે બેઠકો યોજી રહ્યા છે તેવા અહેવાલોને લઈને આમ આદમી પાર્ટીની અંદર ખેંચતાણનો દોર જારી રહ્યો છે. પંજાબના નેશનલ કાઉન્સિલના સભ્યએ માંગ કરી છે કે, દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના કન્વીનર અરવિંદ કેજરીવાલ દ્વારા સમાંતર બેઠકોના સંદર્ભમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવે. ૨૮મી માર્ચના દિવસે મહત્વપૂર્ણ બેઠક યોજાનાર છે. કેજરીવાલનો લખવામાં આવેલા પત્રમાં નેશનલ કાઉન્સિલના સભ્ય અશોક તલવારે કહ્યું હતું કે, સ્વરાજ અને આંતરિક લોકશાહીના મુદ્દા ઉપર ચર્ચા કરવાના બહાને બેઠક બોલાવવામાં આવી હતી જેમાં આક્ષેપ કરાયો હતો કે, ચોક્કસ હિત ધરાવતા તત્વો દ્વારા કાવતરુ ઘડી કાઢવામાં આવ્યું છે. પાર્ટીને અસ્થિર કરવા માટેના પ્રયાસો થઈ રહ્યા છે. એએપીના નેતા શાંતિ ભૂષણ નેશનલ કાઉન્સિલની બેઠક પહેલા અસંતુષ્ટો સાથે બેઠક યોજનાર છે. જો કે, આ અહેવાલને લઈને સમર્થન મળી રહ્યું નથી. તલવારે દાવો કર્યો છે કે, ૨૭મી માર્ચના દિવસે ચર્ચામાં ભાગ લેવા તેમને આમંત્રણ આપવા જુદા જુદા નંબરોથી કોલ અને મેસેજો સતત આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, દિલ્હી આવવા માટે જુદા જુદા નંબરોથી મેસેજો આવી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું છે કે, તેઓ ૨૭મીએ ઉપસ્થિત રહેવા માટે વારંવાર કહી રહ્યા છે. ૧૨૪થી વધુ સભ્યો આ બેઠકમાં હાજરી આપનાર છે. સ્વરાજના મુદ્દા ઉપર આમાં મુખ્યરીતે ચર્ચા થશે. પક્ષમાં આંતરિક લોકશાહીનો મુદ્દો પણ છવાનાર છે. તલવારનું કહેવું છે કે, પાર્ટીને ખતમ કરી દેવાના પ્રયાસો ચાલી રહ્યા છે. મામલાની તપાસ કરવા અને સાવધાન રહેવા કેજરીવાલને કહેવામાં આવ્યું છે. પક્ષ વિરોધી પ્રવૃત્તિ ચલાવનારાઓને રોકવા માટે પણ કહેવામાં આવ્યું છે.



# કોલસા કાંડમાં મનમોહનસિંહની સુપ્રીમ કોર્ટમાં રજૂઆત

નવીદિલ્હી,તા. ૨૫

ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહે આજે કોલસા કૌભાંડ કેસમાં સીબીઆઈ કોર્ટ દ્વારા તેમની સામે જારી કરવામાં આવેલા સમન્સને લઈને સુપ્રીમ કોર્ટમાં રજૂઆત કરી દીધી હતી. સીબીઆઈ કોર્ટના સમન્સ સામે સુપ્રીમમાં અપીલ કરવામાં આવ્યા બાદ હવે આ મામલામાં સુનાવણી હાથ ધરવામાં આવશે. ખાસ સીબીઆઈ અદાલતે આરોપી તરીકે તેની સમક્ષ ઉપસ્થિત થવા પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને અન્ય પાંચ સામે ૧૧મી માર્ચના દિવસે સમન્સ જારી કર્યા હતા. સિંહ ઉપરાંત પૂર્વ કોલસા સચિવ પીસી પારીખ, આદિત્ય બિરલા ગ્રુપના ચેરમેન કુમાર મંગલમ બિરલા અને અન્ય બે સામે સમન્સ જારી કર્યા હતા. એજન્સીએ આ ઘટનાક્રમ અંગે અગાઉ સિંહ સામે પ્રશ્નો ઉઠાવ્યા હતા. કોલસા કૌભાંડનો મામલો એ વખતે સપાટી ઉપર આવ્યો હતો



જ્યારે કોલસા મંત્રાલય અને પીએમઓની જવાબદારી મનમોહનસિંહ પાસે હતી. બિરલાએ ૭મી મે ૨૦૦૫ અને ૧૭મી જૂન ૨૦૦૫ના દિવસે બે પત્રો મનમોહનસિંહને લખ્યા હતા જેમાં હિન્ડાલ્કોને તાલાબિરા-૨ કોલસા બ્લોકની ફાળવણી કરવા માટે વિનંતી કરી હતી. મહત્વપૂર્ણ બાબત એ છે કે, સીબીઆઈએ સાક્ષી પૈકીના એક તરીકે એસ જયરામનનું નિવેદન દાખલ કર્યું હતું. નેવેલ્લી લિગ્નાઈટ કોર્પોરેશનના પૂર્વ ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટરનું નિવેદન સીલ કવરમાં આપવામાં આવ્યું હતું. કોર્ટ દ્વારા સમન્સ જારી કરવામાં આવતા મનમોહનસિંહ ભારે ચિંતિત દેખાયા હતા. વડાપ્રધાન તરીકે તેમના ગાળા દરમિયાન લેવામાં આવેલા અન્ય નિર્ણયોને લઈને પણ તેમની સામે ઘણા પ્રશ્નો ઉભા થયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, સીબીઆઈની ખાસ અદાલતે ૧૧મી માર્ચના દિવસે મનમોહનસિંહને આરોપી તરીકે સમન્સ જારી કર્યુ હતું. જે સમય કોલસા કાંડની વિગત સપાટી પર આવી ત્યારે તત્કાલીન વડાપ્રધાન સિંહની પાસે જ કોલસા મંત્રાલયની જવાબદારી હતી. મનમોહનસિંહ ઉપરાંત ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા, પૂર્વ કોલસા સચિવ પીસી પારેખ અને અન્ય ત્રણની સામે પણ આરોપી તરીકે સમન્સ જારી કરવામાં આવ્યા હતા. કોર્ટે અપરાધિક કાવતરા, વિશ્વાસઘાત અને ભ્રષ્ટાચાર અટકાયત કાયદાની જોગવાઈ હેઠળ છ લોકોની સામે સમન્સ જારી કર્યા હતા. કોર્ટે મામલામાં આરોપી તરીકે મેસર્સ હિડાલ્કો, તેના અધિકારીઓ શુભેન્દુ અમિતાભ અને ડી. ભટ્ટાચાર્યની સામે પણ સમન્સ જારી કર્યા હતા. વર્ષ ૨૦૦૫માં જ્યારે બિડલાની કંપની હિડાલ્કોને ઓરિસ્સાના તાલાબીર-૨ અને ત્રણમા કોલસા બ્લોક ફાળવવામાં આવ્યા હતા ત્યારે કોલસા પ્રધાન તરીકે મનમોહનસિંહ જ હતા.ડિસેમ્બર મહિનામાં સીબીઆઈની ખાસ અદાલતે આ મામલામાં તપાસ સંસ્થાના ક્લોઝર રિપોર્ટને ફગાવી દેતા ચર્ચા શરૂ થઈ હતી. કોર્ટે તપાસ પર ભાર મુકીને તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહના નિવેદન નોંધવા પર ભાર મુક્યો હતો. અગાઉ પણ અનેક પ્રશ્નો કરવામાં આવ્યા હતા. કોલસા કોંભાડના કારણે અગાઉની સરકારને ભારે ટિકા ટિપ્પણીનો સામનો કરવો પડ્યો હતો. ૨૫મી નવેમ્બરના દિવસે સુનાવણી દરમિયાન ખાસ સીબીઆઈ જજ ભરત પરાશરે સીબીઆઈને પ્રશ્ન કર્યો હતો કે, કોલસા કૌભાંડના મામલામાં ભૂતપૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહની પુછપરછ કેમ કરવામાં આવી નથી જ્યારે હિન્ડાલ્કોને કોલસા બ્લોકની ફાળવણી કરવામાં આવી હતી ત્યારે ૨૦૦૫-૦૯ના ગાળા દરમિયાન સિંહ કોલસા પ્રધાન તરીકે હતા.

આ સંદર્ભમાં તપાસ અધિકારીએ જવાબ આપતા કહ્યું હતું કે, આ મામલામાં પીએમ ઓફિસના અધિકારીઓ ટીકેએ નાયર અને જાવેદ ઉસ્માનની પુછપરછ કરવામાં આવી હતી. તેમના નિવેદનના આધાર પર તત્કાલિન કોલસા પ્રધાનના નિવેદનની જરૂર પડી ન હતી. ત્યારબાદ કોર્ટે એવી બાબત જાણવાની ઈચ્છા વ્યક્ત કરી હતી કે, મનમોહનસિંહની પુછપરછ કરવાની જરૂર હતી કે કેમ તેમ આ અંગે સીબીઆઈએ ખુલાસો કરતા કહ્યું હતું કે, તેને મનમોહનસિંહની પુછપરછ કરવા મંજુરી અપાઈ ન હતી.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે ખરાખરીનો જંગ

સિડની,તા. ૨૫

સિડનીના ઐતિહાસિક મેદાન પર આઈસીસી વર્લ્ડ કપની બીજી સેમીફાઈનલ મેચ આવતીકાલે ગુરૂવારે વર્તમાન ચેમ્પિયન ભારત અને યજમાન ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાનાર છે. આ હાઈ પ્રોફાઈલ, હાઈહોલ્ટેજ અને ફાઈટ ટુ ફિનિશ જંગને લઈને કરોડો ચાહકો ભારે રોમાંચિત થયેલા છે. આ મેચને લઈને તમામ તૈયારી કરી લેવામાં આવી છે. યજમાન ટીમ મેદાનમાં હોવાથી મોટી સંખ્યામાં ક્રિકેટ ચાહકો પહોંચે તેવી શકયતા દેખાઈ રહી છે. બન્ને ટીમો જીત મેળવી આગામી દોરમાં પહોંચવાના પ્રયાસ કરશે. બન્ને ટીમો માટે આ મેચ ફાઈટ ટુ ફિનિશ સમાન બની રહેશે. ઘરઆંગણે ઓસ્ટ્રેલિયા સામે વધારે દબાણ રહે તેવી શકયતા છે. ઓસ્ટ્રેલિયા અને ભારત તમામ તાકાત સાથે આ મેચ રમવા માટે સજ્જ બનેલા છે. પ્રથમ સેમીફાઇનલ મેચ ન્યુઝીલેન્ડ અને દક્ષિણ આફ્રિકા વચ્ચે જોરદાર રોમાંચક અને દિલધડક રહ્યા બાદ આ મેચ પણ એવી જ રહે તેવી શક્યતા છે. ઓસ્ટ્રેલિયા આઈસીસી વનડે રેન્કિંગમાં પ્રથમ ક્રમાંકે છે. ટીમમાં અનેક ધરખમ ખેલાડી છે. ઓપનિંગ બેટ્સમેન ડેવિડ વોર્નર, ગ્લેન મેક્સવેલ, સ્ટીવ સ્મીથ અને માઈકલ ક્લાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત શેટ વોટ્સન જેવો ધરખમ ઓલ રાઉન્ડર પણ છે.જ્યારે બોલિંગની વાત કરવામાં આવે તો માઈકલ સ્ટાર્ક જોરદાર અસરકારક રહ્યો છે. તે ૧૯ વિકેટ ઝડપી ચુક્યો છે. પોતાની હજુ સુધીની તમામ સાતેય મેચો જીતી લીધા બાદ મહેન્દ્ર સિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ હવે નિર્ણાયક તબક્કામાં રાઉન્ડ પહોંચ્યા બાદ કોઈ



ભુલ કરવા માટે તૈયાર નથી અને જીતના સિલસિલાને આગળ વધારવા માટે તૈયાર છે. ભારતીય ટીમ સંપૂર્ણ તાકાત સાથે મેદાનમાં ઉતરવા માટે તૈયાર છે. તમામ ખેલાડી શાનદાર ફોર્મમાં આવી જતા ટીમની છાવણીમાં અને ચાહકોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યું છે.હજુ સુધી વર્લ્ડ કપમાં સતત સાત જીત મેળવી લીધા બાદ મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ભારતીય ટીમ સેમીફાઇનલમાં જીત મેળવી ફાઈનલમાં કુચ કરવા માટે તૈયાર છે. ભારતીય ટીમના બેટ્સમેનો અને બોલરોના ફોર્મને જોતા ભારતીય ટીમ સરળતાથી આ મેચ જીતી જશે તેવી શક્યતા છે.જો કે આંકડા ઓસ્ટ્રેલિયાની તરફેણ કરે છે. પરંતુ ભુતકાળના આંકડાને ધ્યાનમાં લીધા વગર ભારત જોરદાર દેખાવ કરવા માટે તૈયાર છે. વર્લ્ડ કપમાં જંગી સ્કોર થઈ રહ્યા છે જેથી ભારતીય સ્ટાર ખેલાડી પાસેથી પણ ભારે આશા રહેલી છે. જાણકાર લોકો કહી રહ્યા છે કે જો ભારતીય ટીમની પહેલા બેટિંગ આવશે તો જંગી સ્કોર જોવા મળી શકે છે. રોહિત શર્મા, શિખર ધવન અને વિરાટ કોહલી, સુરેશ રૈના અને હવે ધોની પણ ફોર્મમાં છે. ગુરૂવારના દિવસે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વર્લ્ડકપની સેમીફાઈનલ મેચ રમાનાર છે, રસપ્રદ બાબત એ છે કે આ મેચ ઓસ્ટ્રેલિયામાં રમાઈ રહી હોવા છતાં સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર ભારતીય ચાહકો ઓસ્ટ્રેલિયનો કરતા વધુ પહોંચે તેવી શકયતા છે. જે સાબિત કરે છે કે ભારતને લઈને ક્રિકેટ ચાહકોમાં જોરદાર ક્રેઝ છે. ભારત જીત મેળવીને ફાઈનલમાં પહોંચે તેવી આશા ચાહકો રાખી રહ્યા છે. ભારતીય ચાહકોનો ઉત્સાહ જોઈને ઓસ્ટ્રેલિયન કેપ્ટન માઈકલ ક્લાર્ક અને ઓપનિંગ બેટ્સમેન ડેવીડ વોર્નર પણ આશ્ચર્યચકિત છે. તેમનું કહેવું છે કે ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ચાહકો પણ ટીમને પ્રોત્સાહન આપવા મોટી સંખ્યામાં પહોંચે તે ખૂબ ઉપયોગી રહેશે. અમને ચાહકોના ટેકાની જરૂર છે. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. જે વર્ષ ૨૦૧૧માં રમાયેલા છેલ્લા વર્લ્ડ કપ કરતા ૨૦ ટકા વધારે ઈનામી રકમ છે. આ મેચ સિડનીમાં રમાનાર છે. જેનુ દુરદર્શન અને સ્ટાર સ્પોર્ટસ પરથી પ્રસારણ કરાશે.

**ફ્રાંસમાં વિમાન દુર્ઘટના બાદ આઘાતનું મોજુ**

# જર્મનવિંગ્સ એરની કેટલીક ફ્લાઈટો રદ કરવામાં આવી

પેરિસ,તા. ૨૫

ફ્રાંસના ગૃહપ્રધાન બર્નાર્ડે જર્મનવિંગ્સ વિમાન દુર્ઘટનાના સંદર્ભમાં કોઈ ત્રાસવાદી હુમલાની શક્યતાને નકારી કાઢી છે પરંતુ કહ્યું છે કે, તમામ વિકલ્પોમાં તપાસ થઈ રહી છે. વિમાન દુર્ઘટના માટે કયા કારણો જવાબદાર રહ્યા તેમાં તપાસ થઈ રહી છે. દરમિયાન વ્હાઈટ હાઉસે પણ સંભવિત ત્રાસવાદી હુમલાની વાતને ફગાવી દીધી છે. બીજી બાજુ વિમાનમાં કોકપિટ વોઈસ રેકોર્ડર અને બ્લેકબોક્સ મળી આવ્યા છે. જો કે, બ્લેક બોક્સને આંશિક નુકસાન થયું છે. દરમિયાન કેટલીક જર્મનવિંગ્સની ફ્લાઈટો રદ કરવામાં આવી છે. શોકનું મોજુ ચારેબાજુ ફરી વળ્યું છે. મૃત્યુ પામેલા લોકોના સગાસંબંધીઓ આઘાતમાં ગરકાવ થઈ ગયા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ફ્રાંસમાં ગઈકાલે એક મોટી વિમાન દુર્ઘટના થઈ હતી. સ્પેનથી જર્મની તરફ જતું આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયા બાદ તમામના મોત થઈ ગયા હતા. જુદા જુદા દેશોના લોકો પણ આમા હતા. એરબસ એ ૩૨૦ વિમાન એલ્પસડી હોટ પ્રોવિંસની પાસે દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ વિમાનમાં ૧૪૨ યાત્રીઓ અને છ કેબિન ક્રુના સભ્યો હતા. એરબસ એ-૩૨૦ સ્પેનના બાર્સેલોનાથી જર્મનીના ડસેલ ડોર્ફની યાત્રા ઉપર હતી. સ્થાનિક સમય મુજબ સવારે ૧૦.૭ વાગે આ વિમાન એલ્પસ ડી હોટ પ્રોવિંસની નજીક એકા એક રડારમાંથી ગાયબ થઈ ગયું હતું. ફ્રાંસના આંતરિક મંત્રાલયના જણાવ્યા મુજબ વિમાનનું લુફ્તાંજાની જર્મનવિંગ દ્વારા ઓપરેટેડ હતું. એરલાઈનનો કાટમાળ બાર્સેલોના નજીક મળ્યો હોવાના પણ અહેવાલ મળ્યા હતા. ફ્રાંસના પ્રમુખ ઓલાંદે કહ્યું હતુ કે, આ એક મોટી દુર્ઘટના છે. આ વિમાન દુર્ઘટના અમારી જમીન ઉપર થઈ છે તે ખુબ જ દુખદ બાબત છે. બીજી બાજુ ફ્રાંસના વડાપ્રધાને કહ્યું છે કે, દુર્ઘટનામાં ૧૪૨થી ૧૫૦ લોકોના મોત થયા છે. વિમાનનો કાટમાળ મળી આવ્યો છે. ફ્લાઈટ અર્વયર ૨૪ પાસેથી મળેલી માહિતી મુજબ આ વિમાન ૩૮૦૦૦ ફૂટની ઉંચાઈ પર તુટી પડ્યું હતું જ્યારે તેની ગતિ ૪૬૩ નોટિકલ માઈલની હતી. ફ્રાંસમાં પહાડી ઝોનમાં આ વિમાન દુર્ઘટનાગ્રસ્ત થયું હતું.

**પ્રોટોકોલથી હટીને રાષ્ટ્રપતિ પોતે જશે**

# વાજપેયીને ૨૭મીએ ભારત રત્ન પ્રણવ મુખરજી આપશે

નવીદિલ્હી,તા. ૨૫

ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીને ૨૭મી માર્ચના દિવસે ભારતના સૌથી મોટા નાગરિક સન્માન ભારત રત્નથી સન્માનિત કરવામાં આવશે. પ્રોટોકોલથી દૂર રહીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પોતે આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવા માટે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના આવાસ ઉપર પહોંચશે. કેન્દ્ર



સરકારે ડિસેમ્બર ૨૦૧૪માં ભારત રત્ન વાજપેયી અને મદન મોહન માલવિયેને આપવાની જાહેરાત કરી હતી. ભારત રત્નની શરૂઆત કરવામાં આવ્યા બાદથી ભારત રત્ન મેળવનાર લોકોની સંખ્યા ૪૩ થઈ છે. જેમાં જાણિતા વૈજ્ઞાનિક સી રામન, ક્રિકેટ સ્ટાર સચિન તેંડુલકર, ગાયિકા લત્તા મંગેશકર, રાજકારણી સી રાજગોપાલચારીનો સમાવેશ થાય છે. ભારત રત્ન વાજપેયીને આપવાને લઈને તમામ રાજકીય પક્ષોએ તૈયારી બતાવી હતી. વાજપેયીએ દેશના વડાપ્રધાનના પદ ઉપર રહેવાની સાથે સાથે રાજકીય ક્ષેત્રે અનેક એવા કામ કર્યા હતા જેના કારણે તેઓ ભારત રત્ન માટે પ્રબળ દાવેદાર તરીકે હતા. કેન્દ્રમાં મોદી સરકાર આવતાની સાથે જ એક બાબત નક્કી થઈ હતી કે, હવે વાજપેયીને ભારત રત્ન અપાશે. વાજપેયીને ભારત રત્ન આપવાની માંગણી કેન્દ્રમાં મોદી સરકાર આવી તે પહેલા જ ભાજપ તરફથી કરવામાં આવી રહી હતી પરંતુ વાજપેયીની પસંદગી કરવામાં આવી ન હતી. હવે ભારત રત્ન આપવા માટે રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી પોતે પ્રોટોકોલને બાજુએ રાખીને પહોંચશે. આ બાબત દેશ માટે ખુબ જ પ્રતિષ્ઠિત અને ગર્વની હોઈ શકે છે. વાજપેયી રાજકારણમાંથી સંપૂર્ણપણે દૂર થઈ ચુક્યા છે. માનસિકરીતે તેમની તબિયત હાલમાં સારી રહેતી નથી. તેઓ કોઈને મળતા પણ નથી.

# રાહુલના લાપતા અંગેના પોસ્ટરોને લઈ ચર્ચાઓ

નવી દિલ્હી,તા. ૨૫

કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીએ તેમના પુત્ર અને પક્ષના ઉપપ્રમુખ રાહુલ ગાંધીને સક્રિય રાજકારણમાંથી થોડાક સમય સુધી ગેરહાજર રહેવાની મંજુરી આપી હતી પરંતુ હવે આ મામલો દિનપ્રતિદિન વધારે ગંભીર બની ગયો છે. કારણ કે રાહુલ ગાંધી ક્યા છે તેને લઈને કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓ પણ કોઈ વાત કરવાની સ્થિતિમાં દેખાઈ રહ્યા નથી. ઉત્તરપ્રદેશના ઘણા ભાગોમાં હવે રાહુલના લાપતા થવાના પોસ્ટરો દેખાઈ રહ્યા છે જેમાં અમેઠીના લાપતા સાંસદના સંદર્ભમાં માહિતી આપનારને ઈનામની જાહેરાત પણ કરવામાં આવી છે. તેમના લોકસભા મતવિસ્તારમાં આ પ્રકારના પોસ્ટરો જોવા મળી રહ્યા છે. મિડિયા અહેવાલમાં આજે દાવો કરાયો હતો કે, આ પોસ્ટરો પૈકીના કેટલાક અલ્હાબાદ અને બુલંદ શહેર જિલ્લામાં સપાટી ઉપર આવ્યા છે જેમાં આક્ષેપ કરાયો છે કે, કોંગ્રેસના ઉપપ્રમુખ રાહુલ ગાંધી પાસે કોઈ દુર્શિતા ન રહેતા તેઓએ બજેટ સત્ર દરમિયાન ગેરહાજર રહેવાનો નિર્ણય કર્યો હતો. બજેટ સત્ર દરમિયાન હાજર ન રહેતા શાસક પાર્ટી તરફથી કોંગ્રેસની જોરદાર ઝાટકણી કાઢવામાં આવી હતી. કેટલાક પોસ્ટરોમાં રાહુલ ગાંધીના અમેઠી મતવિસ્તારના મતદારો દ્વારા સામનો કરવામાં આવી રહેલી જુદી જુદી સમસ્યાઓની યાદી રજૂ કરવામાં આવી છે.કેટલાક સંદેશાઓ એવા પણ છે જેમાં રાહુલ ક્યા છે તેને લઈને પ્રશ્નો ઉઠાવ્યા છે. રાહુલના મતવિસ્તારમાં મુકવામાં આવેલા પોસ્ટરો મુખ્ય સમસ્યાઓ રજૂ કરે છે. અમેઠી શહેર, માર્કેટ, રેલવે સ્ટેશન અને સ્કુલોમાં પોસ્ટરો મુકાયા છે પરંતુ રાહુલ ગાંધી ક્યા છે તેની ખબર પડી રહી નથી.

# મહિલા સામે ગુના વર્ષ ૨૦૧૩ બાદ વધ્યા છે

ભોપાલ,તા. ૨૫

કેન્દ્રીય ગૃહરાજ્યમંત્રી કિરણ રિજજુએ આજે માહિતી આપતા કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૩ બાદથી મહિલાઓ સામે ગુનામાં વધારો થયો છે. તેમણે કબૂલાત કરી હતી કે, પોલીસે વધુ કઠોર પગલા લઈને મહિલાઓ સામે અત્યાચારને રોકવાની જરૂર છે. જો કે, પોલીસના અસરકારક પગલાના પરિણામ સ્વરુપે ગુનાની નોંધણી થઈ રહી છે. પહેલા કરતા હવે વધારે પ્રમાણમાં કેસો નોંધાઈ રહ્યા છે. પોલીસ હવે અસરકારકરીતે પગલા લઈ રહી છે. ૨૦૧૩ બાદથી મહિલાઓ સામે ગુનના વધી રહ્યા છે તેના માટે અન્ય કારણો પણ જવાબદાર રહ્યા છે. ૨૩માં ઓલ ઈન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોંગ્રેસના કાર્યક્રમને સંબોધતા તેમણે આ મુજબની વાત કરી હતી. આ પ્રસંગે સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની આધારશીલા પણ મુકવામાં આવી હતી. પ્રધાને કહ્યું હતું કે, મહિલાઓની ફરિયાદને ફરજિયાતપણે નોંધવામાં આવે તે જરૂરી છે. પોલીસ સામે ગુનાઓના મોડેસ ઓપરેન્ડીને લઈને ઘણા પડકારો રહ્યા છે. ગુનેગારો તેમની મોડેસ ઓપરેન્ડીને સતત બદલે છે જેથી પોલીસને પણ નવી ટેકનોલોજીથી ગુનેગારોની પ્રવૃત્તિને રોકવા માટે પગલા લેવા જોઈએ. ફોરેન્સિક સાયન્સના કાર્યક્રમો વધુ ઝડપથી આગળ વધારવામાં આવી રહ્યા છે.

# એરવેવ્સ હરાજી પ્રક્રિયા પરિપૂર્ણ થઈ : ૧ લાખ કરોડથી વધુ મળ્યા

નવી દિલ્હી,તા. ૨૫

૧૯ દિવસ સુધી જોરદાર બિડિંગની પ્રક્રિયા ચાલ્યા બાદ ટેલિકોમ ઓપરેટર્સ માટે એરવેવ્સની હરાજીની પ્રક્રિયા આજે પુરી થઈ હતી. સત્તાવારરીતે એક લાખ કરોડનો આંકડો પહોંચી ગયો છે. સંયુક્તબીડનો આંકડો ૧૦૦૦૦૦ કરોડની આસપાસ પહોંચતા સરકારને ખુબ મોટી સફળતા હાથ લાગી છે. ૮૦૦ એમએચઝેડ, ૯૦૦ એમએચઝેડ, ૧૮૦૦ એમએચઝેડ માટે હરાજીની પ્રક્રિયા યોજાઈ હતી જે ફોરજી સહિત મોબાઈલ ટેલિફોનિક અને બ્રોડબેન્ડ બંનેને આવરી લેશે. મંગળવાર સુધી સરકારને મેદાનમાં રહેલી આઠ



ટેલિકોમ કંપનીઓ પાસેથી ૧૦૯૦૦૦ કરોડની રકમ મળી રહી હતી. મેદાનમાં રહેલા ટેલિકોમ ઓપરેટરોમાં રિલાયન્સ કોમ્યુનિકેશન, રિલાયન્સ જીઓ, ભારતી એરટેલ, વોડાફોન ઈન્ડિયા, તાતા ટેલિ સર્વિસ, યુનિનોર, આઈડિયા સેલ્યુલર અને એરસેલનો સમાવેશ થાય છે. ૮૦૦ એમએચઝેડ માટે પ્રતિ રિઝર્વ પ્રાઈઝ ૩૪૨૩ કરોડ રૂપિયા રાખવામાં આવી હતી જ્યારે ૯૦૦ એમએચઝેડ બેન્ડ માટે ૩૩૯૯ કરોડ, ૧૮૦૦ એમએચઝેડ બેન્ડ માટે ૧૪૨૫ કરોડની રિઝર્વ પ્રાઈઝ રાખવામાં આવી હતી. સરકારે થ્રીજી સ્પેક્ટ્રમ માટે ફ્રિક્વન્સીના ભાગરૂપે પ્રતિમેગાહત્ઝ ૩૫૧૧ કરોડની રિઝર્વ પ્રાઈઝ નક્કી કરી હતી. હરાજીની પ્રક્રિયાને લઈને સરકાર પહેલાથી જ ખુબ જ ઉત્સુક હતી. બીજી બાજુ ટેલિકોમ ઓપરેટરો પણ ખુબ જ આશાસ્પદ હતા. હરાજીની પ્રક્રિયાને લઈને પહેલાથી જ જંગી રકમની વાત કરવામાં આવી રહી હતી.

# સમાચાર ઝલક

- અમદાવાદ-વિરાર ટ્રેનમાં છ મહિનામાં ૧૦ લાખની ચોરી કરતો અનોખો ચોર.
- અમદાવાદમાં બે માસુમ પુત્રીઓ સાથે માતાની સાબરમતીમાં મોતની છલાંગ હજુ ઓળખ થઈ નથી.
- સૂરતમાં ટેક્ષ ટાઈલ મશીન ખરીદવા માટે સેન્ટ્રલ બેંક સાથે ૯ કરોડની લોનની ઠગાઈ.
- વધઈની શાળામાં છબરડો. સંસ્કૃતનું જુનું પેપર આપી દીધું.
- શિહોર રેલવે સ્ટેશનમાં મહિલા ટિકિટ માસ્તરનો રાત્રિ ફરજ દરમિયાન ટિકિટ રૂમમાં જ આપઘાત.
- સોના કરતાં પ્લેટીનમ સસ્તુ બન્યું - માંગ વધી.
- ભારતમાં યંગ જનરેશન લગ્ન પછી માતા-પિતાથી અલગ રહેવાનું પસંદ કરે છે-સર્વે
- મધ્યપ્રદેશમાં હેલ્મેટ નહીં પહેરનારને પેટ્રોલ-ડીઝલ નહિ મળે.